# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ રાજ્યકક્ષાની બેઠકમાં મતગણતરી કામગીરીના આયોજનની સમીક્ષા કરી છે. - ચોથી જૂને રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.
- ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટના TRP ગેમઝોન અગ્નિ દુર્ઘટનાના સંદર્ભે અત્યાર સુધીમાં લેવાયેલા પગલાં અને કરાયેલી કામગીરીની સમીક્ષા કરી - અત્યાર સુધીમાં કુલ 24 લોકોના D.N.A. મેચ થયા.
- રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં છેલ્લા 36 કલાકમાં 11 સ્થળોએ મહત્તમ તાપમાન 40 ડિગ્રી કે તેથી વધુ નોંધાયું છે.
- રાજ્યના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર, બિયારણ અને દવાઓ મળી રહે તે માટે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સઘન ચકાસણી હાથ ધરાઇ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## COUNTING-1

રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ચોથી જૂને સવારે આઠ વાગે સમગ્ર રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.

લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી યોજાયેલી સમીક્ષા બેઠકમાં સુશ્રી ભારતીએ આ મુજબ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર મતગણતરી કામગીરી માટે 56 મતગણતરી નિરીક્ષકો, 30 ચૂંટણી અધિકારી અને 180 મદદનીશ ચૂંટણી અધિકારી ફરજ બજાવશે. આ ઉપરાંત અંદાજે 614 વધારાના મદદનીશ ચૂંટણી અધિકારીઓને પોસ્ટલ બેલેટ અને ઇલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ માટે જવાબદારી સોંપવામાં આવી છે.

શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, મતગણતરીના દરેક ટેબલ પર એક માઈક્રો-ઑબ્ઝર્વર, એક કાઉન્ટીંગ સુપરવાઈઝર અને એક કાઉન્ટીંગ આસિસ્ટન્ટને ફરજ સોંપવામાં આવી છે. મતગણતરીની સમગ્ર પ્રક્રિયાની વિડિયોગ્રાફી કરવામાં આવશે.

મતગણતરી મથકો પર માત્ર ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત અધિકારીઓ, નિરિક્ષકો, ફરજ પરના કર્મચારીઓ-અધિકારીઓ, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો તથા કાઉન્ટિંગ એજન્ટ્સ પ્રવેશ કરી શકશે.

ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી, ઉમેદવાર કે તેમના અધિકૃત પ્રતિનિધિઓ તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમણૂંક પામેલા ઑબ્ઝર્વર્સની હાજરીમાં સ્ટ્રોંગરૂમ ખોલવામાં આવશે. ત્યારબાદ EVM રાઉન્ડવાઈઝ બહાર કાઢી કાઉન્ટીંગ હૉલમાં લાવવામાં આવશે. સવારે આઠ વાગ્યે પોસ્ટલ બેલેટ તથા EVMના મતોની ગણતરી શરુ કરાશે.

તમામ મતગણતરી કેન્દ્રો પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, મતગણતરી કેન્દ્રના કેમ્પસની બહાર સ્થાનિક પોલીસનો પહેરો હશે. મતગણતરી સ્થળ પર એસઆરપીએફ

અને મતગણતરી કેન્દ્ર તેમજ સ્ટ્રોંગ રૂમના દરવાજાની બહાર સીએપીએફનો ચુસ્ત બંદોબસ્ત હશે.

રાજ્યના તમામ મતગણતરી કેન્દ્રોને કમ્પ્યુટર, ઈન્ટરનેટ, ટેલિફોન (લેન્ડલાઈન) અને ફેક્સ જેવી અત્યાધુનિક માહિતી સુવિધાથી સજ્જ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફોન, આઈ-પેડ કે લેપટોપ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મતગણતરી કેન્દ્રમાં લઈ જઈ શકાશે નહીં. દરેક મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. રાજ્યકક્ષાએ પત્રકારોને પરિણામની વિગતો મળી રહે તે માટે નવા સચિવાલયના બ્લોક નં. એકના ચોથા માળે સમિતિ ખંડમાં મીડિયા સેન્ટર ઉભું કરવામાં આવશે.

આ ઉપરાંત મતગણતરીના દિવસે results.eci.gov.in પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે.

## GANDHINAGAR HARSH SANGHAVI BETHAK-1

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટના TRP ગેમઝોન અગ્નિ દુર્ઘટનાના સંદર્ભે મહત્વની બેઠક યોજીને અત્યાર સુધીમાં લેવાયેલા પગલાં અને કરાયેલી કામગીરીની સમીક્ષા કરી છે. આ બેઠકમાં તેમણે રાજકોટના નવા પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો.

રાજકોટની આ દુર્ઘટના બાદ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તમામ શાળાઓમાં અગ્નિસુરક્ષાની તપાસના આદેશ આપ્યા છે. તેમ જ સાધનોની ચકાસણી, જર્જરીત શાળાઓ અને વર્ગખંડમાં વિદ્યાર્થીઓને અભ્યાસ ન કરાવવા, ભયજનક બાંધકામની આસપાસ બેરિકેટીંગ મુકવા સહિતની તકેદારી રાખવાની સૂચના આપી છે.

તો આ તરફ જામનગરમાં પણ મહાનગરપાલિકાએ શહેરની તમામ ખાનગી હોસ્પિટલ, રેસ્ટોરાં, વ્યવસાયિક ઈમારતોમાં સરવે માટે આઠ ટુકડી બનાવીને

કામગીરી શરૂ કરી છે. આ તમામ ટુકડી અહેવાલ તૈયાર કરીને ત્રણ દિવસમાં મહાનગરપાલિકાના કમિશનરને સોંપશે.

મહીસાગરનાં જિલ્લા કલેક્ટર નેહાકુમારીના આદેશ બાદ જિલ્લામાં અગ્નિસુરક્ષાની તપાસ ચાલી રહી છે. લુણાવાડામાં આવેલા મલ્ટિપ્લેક્સ, સિનેમાઘરો, શૉપિંગ મૉલ, મોટી હૉસ્પિટલ્સ, વ્યવસાયિક ઈમારતોમાં અગ્નિવિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, લુણાવાડા નગરપાલિકાના કર્મચારીઓ, લુણાવાડા મામલતદાર કચેરીના અધિકારીઓ અગ્નિસુરક્ષા અંગે તપાસ કરી રહ્યા છે.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, ગિરિમથક સાપુતારા ખાતે જિલ્લા વહીવટી તંત્રની નિમાયેલી કમિટિએ રોપ-વે અને એડવેન્ચરપાર્કની કારની પ્રવૃત્તિઓને નવી માર્ગદર્શિકા ન આવે ત્યાં સુધી બંધ કરવાનો આદેશ આપ્યો છે. અહીં સતત બીજા દિવસે પેરાગ્લાઈડિંગ, બૉટિંગ, એડવેન્ચર પાર્ક, રોપ-વે, બોટિંગ સહિત વિવિધ એડવેન્ચર પ્રવૃત્તિઓના સ્થળે આકસ્મિક મુલાકાત ગોઠવી તપાસ હાથ ધરવામાં આવી છે.

## RAJKOT TRP GAME ZONE TRAGEDY OVERALL

રાજકોટના ટી.આર.પી. ગેમઝોનની આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોમાંથી અત્યાર સુધીમાં કુલ 24 લોકોના D.N.A. મેચ થઈ ગયા છે. જ્યારે અન્ય લોકોના DNA મેચ કરવાની કામગીરી ચાલી રહી છે.

ગાંધીનગર ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાંથી DNA મેચના અહેવાલ આવ્યા બાદ મૃતકોના સગાંઓને તેમના મૃતદેહોને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે.

મૃતકોના પાર્થિવ દેહ તેમના સ્વજનોને સત્વરે મળે તે માટે 18થી વધુ સભ્યની FSL ટીમ કામગીરી કરી રહી છે.

મૃતદેહની સોંપણી કરવાથી લઈ અંતિમવિધિ સુધીની પ્રક્રિયામાં મદદ માટે એક નાયબ મામલતદાર અને એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિતની પોલીસ ટીમ સાથે રહે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

અમદાવાદમાં પણ અગ્નિશામક દળ તરફથી 'ના વાંધાપ્રમાણપત્ર' અને મકાન ઉપયોગની મંજૂરી વગર અનેક ગેમઝોન ચાલુ હોવાનું ધ્યાનમાં આવતા એસ્ટેટ અને ફાયર વિભાગે પગલાં લેવાનું શરૂ કર્યું છે.

## Weather

રાજ્યમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં છેલ્લા 36 કલાકમાં 11 સ્થળોએ મહત્તમ તાપમાન 40 ડિગ્રી કે તેથી વધુ નોંધાયું છે. સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન કંડલા એરપોર્ટ, અમદાવાદ અને ગાંધીનગરમાં નોંધાયું છે. આ ઉપરાંત ભાવનગર અને ડીસામાં 44 ડિગ્રી, સુરેન્દ્રનગર અને વલ્લભવિદ્યાનગરમાં 43 જયારે ભૂજ, રાજકોટ અને વડોદરામાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

આ જ સમયગાળામાં લઘુતમ તાપમાન પણ સામાન્ય કરતાં 1 થી 3 ડિગ્રી વધુ નોંધાયું છે. રાજ્યના હવામાન અંગે વધુ વિગતો આપે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ.

*(બાઇટ- હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ)*

*(આગામી દિવસોમાં ગુજરાતમાં હવામાન સુકું રહેવાની આગાહી છે. આગામી પાંચ દિવસ માટે ઉત્તર પૂર્વ અરબી સમુદ્રમાં માછીમારોએ ન જવા સૂચન છે. આ દરમિયાન પવનની ગતિ 45થી 55 કિલોમીટર પ્રતિકલાકની રહેશે. આગામી પાંચ દિવસ વરસાદની કોઈ સંભાવના નથી.)*

અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે, રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં પણ ઓરેન્જ એલર્ટ સાથે ઉષ્ણ લહેરની

ચેતવણી આપવામાં આવી છે. સત્તાવાળાઓએ આ આગાહીને ધ્યાનમાં લઇને જિલ્લાના જનસેવા કેન્દ્રો સવારના ૯ થી ૧ વાગે તથા બપોરબાદ ૪ થી ૬ વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

## HEATWAVE TAKEDARI

કાળઝાળ ગરમીમાં જ્યારે કોઈ વ્યક્તિ રસ્તા પર બેભાન થાય કે પછી તેની ચક્કર આવે ત્યારે તેને બચાવના ઉપાય અંગે શું કરવું જોઈએ. તે અંગે માહિતી આપે છે કેન્દ્રિય કર્મચારી આરોગ્ય યોજનાના ડૉક્ટર હિરલ કટારિયા.

*(બાઈટ – ડૉક્ટર હિરલ કટારિયા)*

***(જ્યારે કોઈ વ્યક્તિને લૂ લાગવાથી બેભાન થઈ જાય અથવા તો અન્ય કોઈ પણ લક્ષણ જોવા મળે તો તાત્કાલિક તો તેમને ઠંડકવાળી જગ્યાએ ખસેડવું. હવે આઈસપેક એટલે કે, બરફનું કોથળી જેવું આવે છે તે પણ ઉપયોગમાં લઈ શકાય. પંખો કે કુલર તે પણ ઉપયોગમાં લઈ શકાય. પણ ગમે તે રીતે કરીને વ્યક્તિના શરીરનું કુલિંગ કરવું ખૂબ જ જરૂરી છે. તાત્કાલિકમાં તો તેના પગ ઊંચા કરી, ઠંડકમાં સુવડાવી, તરત જ નોર્મલ પાણી, સાદા ટેમ્પરેચરવાળા પાણી અથવા તો માટલાના પાણી સાથે લીંબુ શરબત કે ઓઆરએસ પીવડાવી દેવું. તેમ છતાં વ્યક્તિ ભાનમાં ન આવે તો છેવટે એમ્બુલન્સ બોલાવી લેવી અને તાત્કાલિક તેને હૉસ્પિટલાઈઝ઼ડ કરવી. આટલું કરવા સુધીમાં જો વ્યક્તિનો જીવ બચાવી શકાય તો તે માણસ મૃત્યુના મુખમાંથી સો ટકા બહાર આવી જશે.)***

## VADODARA -SEED

રાજ્યના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર, બિયારણ અને દવાઓ મળી રહે તે માટે 19 સ્ક્વોડ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી. બિયારણ અને ખાતરનો કુલ 1.કરોડ 24 લાખ રૂપિયાનો જથ્થો અટકાવી 11 વિક્રેતાઓને નોટિસ આપવામાં આવી છે  રાજ્યમાં ક્ષેત્રીય કક્ષાએથી 39 ટુકડી દ્વારા

કામગીરી હાથ ધરવામાં આવી હતી જેના ભાગરૂપે કૃષિ વિભાગ, વડોદરા દ્વારા 81 વિક્રેતાઓને ત્યાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. ચકાસણી દરમિયાન બિયારણના 36 અને ખાતરના 15 અને દવાનો એક નમૂનો લેવામાં આવ્યો છે.

## AAKASHVANI-AHMEDABAD

આકાશવાણી અમદાવાદ કેન્દ્ર ખાતે આવતીકાલે 29 મે બુધવારે બપોરે અઢી વાગ્યાથી ચાર વાગ્યા સુધી ફિઝીયોથેરાપીને લગતા વિશેષ કાર્યશાળા યોજાશે. આ કાર્યશાળામાં બેકપેઇન, વેરીકોઝ વેઇન્સ, ફ્રોઝન શોલ્ડર, થાઇરોઇડ જેવી વિવિધ શારીરિક તકલીફોને લગતી માહિતી અને તેને લગતી આધુનિક સારવાર વિષે નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવશે.

## FATAFAT NEWS-1

*હવે રાજ્યના કેટલાક સમાચાર સાંભળીએ સંક્ષિપ્તમાં.*

**1) કેન્દ્રશાસિત પ્રદેશ દમણની કચીગામ ગ્રામ પંચાયતે મહિલા સ્વાવલંબન અભિયાનમાં ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો છે. ગામની મહિલાઓ અને છોકરીઓને ટેલરિંગ અને બ્યૂટીપાર્લરની તાલીમ આપી આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કર્યો.**

**2) બોટાદમાં તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સે પોલારપુર અને નાગનેશ ગામમાં શાળાની આસપાસના વિસ્તારમાં પાર્લર સહિત 23 સ્થળો પર આકસ્મિક તપાસ હાથ ધરી. 17 જેટલા દુકાનધારકોને દંડ કર્યો.**

**3) સેવન ગુજરાત નેવલ યુનિટ NCC વેરાવળના કમાન્ડિંગ ઑફિસર લેફ્ટનન્ટ કમાન્ડરના માર્ગદર્શન હેઠળ 10 દિવસે C.A.T.C. કેમ્પ કોડિનારની રાષ્ટ્રીય શાળામાં યોજાયો. કૉલેજના 128 કેડિટ અને શાળાના 332 કેડિટ ભાઈ-બહેનોએ ભાગ લીધો.**

4) ભરૂચ જિલ્લા કૉંગ્રેસે રાજકોટ ગેમઝોનની દુર્ઘટનામાં જીવ ગુમાવનારા મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

5) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલૉજી (NIFT) દમણની પ્રથમ બેચે ફેશન મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી સફળતાપૂર્વક પૂર્ણ કરી. આ બે વર્ષનો અનુસ્નાતક કાર્યક્રમ 2022માં દમણ કેમ્પસમાં શરૂ થયો હતો. તેના અંતિમ સત્રમાં ટેક્સટાઈલ અને એપરલ ઉદ્યોગમાં તેના ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા.

6) ગુજરાત રાજ્ય યોગ બૉર્ડે વડોદરામાં 7થી 12 વર્ષના બાળકો માટે સમર યોગ શિબિરનું આયોજન કર્યું, એક હજાર 200થી વધુ બાળકોએ તાલીમ લીધી.

7) પર્યાવરણ જાગૃતિ માટે સામાજિક વનીકરણ વિભાગ કચ્છ-ભુજે પાંચમી જૂને વિશ્વ પર્યાવરણના દિવસે વિદ્યાર્થીઓ માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું.